REVIEW OF RESEARCH
IMPACT FACTOR : 5.7631(UIF) UGC APPROVED JOURNAL NO. 48514 ISSN: 2249-894X
VOLUME - 8 | ISSUE - 7 | APRIL - 2019

# સોખલા ગરાસિયા આદિવાસીઓના પ્રણયગીતો : એક નજર



ધવલ. એચ. જોષી.
આસિ. પ્રોફેસર,
શ્રી એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર
મું.મલેકપુર, તા-લુણાવાડા, જિ-મહીસાગર.

**સારાંશ**

સોખલા ગરાસિયાના ગોઠિયા-ગોઠણના પ્રણયગીતો માં પ્રેમ અને અરવલ્લીની ગિરિમાળાઓમાં ખીલેલી પ્રકૃતિ અભિન્ન અંગ સમા છે. પ્રકૃતિના વાતાવરણમાં ખેલતા-ખેલતા તેમના હૃદયમાં પ્રેમના બીજ રોપાય છે. અને પાંગરીને પુષ્પિત થાય છે. આ વનવાસી બાળકો ધનથી ગરીબ છે. પણ મનનથી સમૃદ્ધ છે. દેહના આકર્ષણ કરતા દિલનું આકર્ષણ વિશેષ છે. પોતાના કોઈ પ્રેમીને એ દુ:ખી નિરખી શકતા નથી. તેમનો પ્રેમ સ્વાર્થી નથી પોતાના ગોઠિયાના દુ:ખમાં સર્વસ્વ અર્પણ કરવાનો ઉત્કટ પ્રેમભાવ જોવા મળે છે. આદિવાસીઓના આ પ્રણયગીતો મેળા, લગ્ન કે અષાઢની પ્રથમ હોળીમાં ભાવુકના હૈયાને હચમચાવી નાખે છે ગીતના સુર તેમના રોમે રોમમાં કામાગ્નિ પ્રગટાવે છે. નિર્દોષ, નિખાલસ, અને ભોળા કિશોર-કિશોરીઓ તેમના હૃદયમાંથી ઉઠતા ભાવોને જાહેરમાં વ્યક્ત કરતા લોકગીત ગાય છે. પ્રકૃતિનું મુક્ત ઐશ્વર્ય તેને આકર્ષે છે. તો વનમાં કેલી કરતાં પશુ -પક્ષીઓ તેના દિલમાં અવનવા ભાવ પેદા કરે છે. આ પ્રણયગીતો તેમના હૃદયપટમાં જન્મે છે. પ્રકૃતિના માદક આસવપાનથી પુષ્ટ બની જનસમાજ સાથે શબ્દ સુર રૂપે આવે છે ગીતોની સાથે ઢોલના ઢમકાર અને આંગિક નૃત્યો અરવલ્લીના વન પ્રદેશમાં બેનમુન બનીછવાઈ જાય છે. આદિવાસી કન્યાને લગ્ન પછી પિતૃ ગૃહ છોડવાનું જેટલું દુખ છે, તેનાથી વધારે દુ:ખ છે, તેનાથી વધારે દુ:ખ ગોઠિયાથી દૂર જવાનું છે તે વેદનાને સમાવી શકતો નથી.

"ભારતમાં આદિવાસીઓનું પ્રમાણ ઘણું મોટું છે પહાડી પ્રદેશમાં અને જંગલોમાં વસવાટ કરી રહેલા સ્વભાવે ભોળી, નિખાલસ પ્રજાનાં રીત-રિવાજો, ઉત્સવો, તહેવારો અને જીવનશૈલી તદન અલગ છે. આદિવાસી - વનવાસી - અરણ્યવાસી તરીકે ઓળખાતી આ પ્રજાની ભાષા-બોલીનું એક વિશિષ્ટ લયાત્મક તત્વ એના ગીતોમાં નીતરી રહ્યું છે."[1]

દાંતા તાલુકાના અંબાજી આસપાસનો પ્રદેશ અરવલ્લી પહાડના આરાસુરની નાની મોટી શિખરાવલીઓ અને નવપલ્લવિત વૃક્ષોથી આચ્છાદિત છે આ મનોરમ પ્રદેશમાં ખમીરવંતી - બળૂકી પ્રજા વસે છે. પ્રત્યેક ઋતુમાં આ અરણ્યવાસીઓનો નિજાનંદ અલગઅલગ હોય છે. વર્ષા અને વસંતઋતુમાં જેમ વનશ્રી ખીલે છે તેમ



LBP PUBLICATION

અરણ્યવાસીઓના ઉરનો ઉમંગ, ઉલ્લાસ બમણો બને છે. તેમના માદક કંઠમાંથી અવનવા લોકગીતો સરી પડે છે.

પ્રેમ પ્રદર્શનની પણ અનોખી રીત છે. જેના માટે ઉરમાં પ્રેમનો અંકુર ફૂટ્યો હોય તે વહાલા દોસ્ત પાસે બંગડી, કાંસકી, ખજુર , ગોળ , રૂમાલ, દર્પણ, વગેરે મંગાવે છે. આ માગણીથી થતા યુવક સમજી જાય છે. જો મેળા કે ગોર નજીકમાં હોય તો તરુણ -તરુણીને વાયદો કરે છે. કે આપણે 'કોટેસર' (કોટેશ્વર) નાં મેળામાં મળીશું ગોઠિયા -ગોઠણ નાં હૈયે હૈયું મળે છે બજારમાંથી ખરીદેલ ખાન-પાનની મોજ માણે છે. જો મેળો નજીકમાં ન હોય તો તરુણ -તરુણી બીજા દિવસે બકરાં કે ગાય - બળદ લઈ ડુંગર પર ચરાવવા જાય છે. ત્યાં તરુણ મોટા અવાજે ગીત ગાવા લાગે છે. આ ગીતનો અવાજ તરુણીને કાને પહોંચે છે. ગોઠણ તેનો જવાબ આપતી-આપતી પોતાના ઢોરને હાંકતી -હાંકતી તરુણ જ્યાં છે ત્યાં પહોંચે છે. સામે દેખાતા તરુણ તેના ઉપર દર્પણનો પ્રકાશ પાડે છે.

તરુણ -તરુણીઓના આ પ્રેમગીતો પ્રકૃતિની સાથે વણાયેલા છે. જેમ વનવેલી વૃક્ષને વીંટળાઈને ઉપર ચડે છે, તેમ પ્રકૃતિના આધાર તળે તેમના પ્રેમને વિકસાવે છે. તે ઉન્મત બની નૃત્ય ગીત કરે છે ઉલ્લાસ પૂર્વક ગવાતા આ ગીતો અરણ્યવાસીઓ માટે જીવનના પ્રાણ જેવા છે. ગીત અને નૃત્ય વગર તેમને ચેન પડતું નથી તેના વગર તેમનું જીવન શુષ્ક અને જડ લાગે છે. દરેક ગીતની પાછળ કોઈને કોઈ માર્મિક પ્રસંગ રહેલો છે. આ પ્રસંગને લઈને તેમના હૃદયમાં ઉઠતી સહજ અનુભૂતિઓ તેમના ગૌર હોઠમાંથીગીત' રૂપે સરી પડે છે.

" મોર્ય પરણાવી દૂરા દેસ, ઝળુંકો મેલી દેઝે' લા;
એણ ઝળુંકે ઝળુંકે પાસી આવું 'લા"[२]

હે ગોઠિયા ! દૂર દેશ પરણાવી દીધા પરતું તું દર્પણ મૂકી દેજે કે જેથી પરાવર્તિત થતા સૂર્યપ્રકાશની સાથે પાછી આવું અને તને મળું!

વનબાળોનો આ પ્રેમ અને અરવલ્લી ગિરિમાળાની ખીલેલી પ્રકૃતિ અભિન્ન અંગ સમાં છે. પ્રકૃતિના પ્રાંગણમાં ખેલતા -ખેલતા તેમના હૃદયમાં પ્રેમના બીજ રોપાયા છે અને પાંગરીને પુષ્પિત થયા છે. પ્રેમીઓની મદભરી મસ્તીના દર્શને જ પ્રકૃતિ ખીલી ઉઠે છે.

"આપાં હતાં વેકે પેપરો કુલેણો રે,
હોમલા જોતા જોતા જોયેલા !
આપાં હુતા વેકે ..."
(સોખલા ગરાસિયાના પ્રણયગીતો - પૃ.૧૫)

પ્રેમનો પારસમણી પીપળાને પણ સ્પર્શ્યા વગર રહી શકતો નથી આ પ્રેમીયુગલે પીપળાને બાથ ભરી નથી, સ્પર્શ કર્યો નથી, ફક્ત તેની છાયામાં આ પ્રેમીયુગલ સુતું છેતેમના પ્રેમની માદક અસર પીપળાને થઇ છે. અભણ આદિવાસી કન્યાની કેવી અદભુત કલ્પના છે.

આ વનવાસી બાળકો ધનથી ગરીબ છે પણ મનથી સમૃદ્ધ છે. દેહના આકર્ષણ કરતા દિલનું આકર્ષણ વિશેષ છે. પોતાના કોઈ પ્રેમીને એ દુ:ખી નિરખી શકતા નથી. તેમનો પ્રેમ સ્વાર્થી નથી પોતાના ગોઠિયાના દુ:ખમાં સર્વસ્વ અર્પણ કરવાનો ઉત્કટ પ્રેમભાવ અહી રજૂ થાય છે.

"માર ગોઠો માંદો પેરીયો, ગોઠીયો માં મેરાવે !
વેટલી ખંડીવાળું ગોઠિયો માં મેરાવે ! "
બત્તું વેસી હાણે કેરું પેરતી ન રાખતાં
પેગા પેગા મેરી ણહું ગોઠિયો માં મેરવે !"
(સોખલા ગરાસિયાના પ્રણયગીતો - પૃ.૧૬)

અલંકારપ્રિય નારી પોતાના સ્વજનને બચાવવા અલંકારોનો ત્યાગ કરતા જરાય પાછી પાની કરતી નથી ગોઠિયાની વધતી જતી બીમારી તેને વિશેષ ચિંતિત કરે છે. સરકારી દવાખાનું ન રાખે તો ગમે તે સારા દવાખાને પોતાના સમગ્ર દાગીના વેચી તેની રકમમાંથી ફી ભરી સામે જા કરાવવા તત્પર છે. જીવન માંગલ્યની ઉમદા ભાવના આ ગીતમાંથી વ્યક્ત થતી જોવા મળે છે.

હૃદયમાં પ્રેમના જે ભાવ છે તેને વ્યક્ત કરવામાં વનકન્યા શરમ અનુભવતી નથી પોતાના પ્રેમીના પ્રેમમાં મસ્ત છે, તેના પ્રેમથી સંતુષ્ટ છે કિશોરાવસ્થાના કોઈક સ્મરણને ગીતમાં વણી લઈ ગોઠિયાને મજાક કરતાં કહે છે.

"નોનકી હોતી ઉસા લેતો 'લા ગોઠિયા
એવા ઉસા લેઈ ખેરો ગેનું'લા ગોઠિયા ;
(સોખલા ગરાસિયાના પ્રણયગીતો - પૃ.૧૬)

પહેલી જ વાર અનુભવી ગોઠિયાના સંસર્ગમાં આવતી કિશોરી પોતાના મનના ભાવોને મનમાં જ ગોપવી રાખતી નથી વાસ્તવિકતાને નજર સમક્ષ લાવીને પોતાના ગોઠિયાને ઉદેશીને ગીત રૂપે ગાય છે :

"સુનરી તે ઓઢારી મારવાળા હોમલા !
પેગા હુંઈને પેહીં ણયું  મારવાળા હોમલા!
મું માર નેવી નેવી ધીરે ધીરે ગોઠિયા
નાંનકી મુંબાળી ભોળી ધીરે ધીરે ગોઠિયા
(સોખલા ગરાસિયાના પ્રણયગીતો - પૃ.૧૬)

આ વનબાળો માટે પ્રાદેશિક મેળાઓ મિલન ધામ છે. આ મેળાઓમાં મુક્ત રીતે વિહરે છે. નાચે છે અને ગાય છે. મેળામાં વાગતા ઢોલના ઢમકારે તેમના અંગોપાંગ સ્વર્ગીય આનંદ અનુભવે છે ગોઠિયો મેળામાં મ્હાલવાનો વાયદો કરે છે, પણ કદાચ ગોઠિયા

ભૂલી જાય તો તેને તેની પ્રેમિકા ઉપાલંભ ગીતથી યાદ કરાવે છે;

" એ 'લા મેળો મેળો કેરતો'લા;
આમે જા ઘેર રહેજો 'લા;
અંબાજી મોટો મેળો'લા;
આજે ઘેર રહેજો 'લા;..."
(સોખલા ગરાસિયાના પ્રણયગીતો - પૃ.૧૬)

આદિવાસીઓના મેળા વિશે આદિલોક સામયિકમાં ઘમીરભાઈ ખાંટ જણાવે છે, કે-

"કડાણાથી બે કિ.મીના અંતરે

ઘોડીયાર ગામે ડુંગર ઉપર બિરાજમાન નદીનાથ માંદેવવાળા ડુંગરની બાજુમાં આવેલ ડુંગરની બાજુમાં આવેલ ડુંગરની ગુફામાં ભમરેશી આદિવાસી આસ્થાનું પ્રતિકછે. આ મંદિર કડાણા ડેમના આગળના ભાગે જતાં ઉપર ભેકોટીયા બાવજી મંદિર આવેલું છે ત્યાં મેળો ભરાય છે.

" રાજુડી રાજુડી સેલ રાજુડીનો ણેલો લાગ્યો
માઈ પૂનમનો મેંળો સેલ રાજુડીનો હોલો લાગ્યો
મેળે મારે જવું સેલ રાજુડીનો હોલો લાગ્યો"[3]

માઈપૂનમના મેળામાં બહાર ગામથી વેપારીઓ આવે છે અહી ખાવા પીવાની ચીજવસ્તુઓનું મોટું બજાર ભરાય છે. મેળામાં આવતી આદિવાસી સ્ત્રીઓ લયબદ્ધ આદિવાસી ગીતો ગાતી -ગાતી દેવના દર્શન કરે છે. ત્યારબાદ મેળામાંથી અલગ-અલગ વસ્તુઓ ખરીદે છે

આ વનકન્યાઓ અભિજાત માનુની જેટલી ઈર્ષાળુ નથી એકવાર દિલથી માનેલા ગોઠીયાને તે પોતાનો માને છે. ભલે ગોઠિયે બીજી ગોઠણ જોડી હોય તેને કોઈ ઈજા ન થાય તેવી શુભકામના હમેશા ચિતવે છે

ગોઠણનું રોમેરોમ ગોઠિયોના પ્રેમની પ્રાપ્તિ માટે આતુર બને છે ત્યારે તેને કોઈનો ભય લાગતો નથી તે પોતાના ગોઠિયા ને બોલાવે છે. જીવનભર હિજરાવા કરતાં એકરૂપ બનવા તત્પર છે.

"બીજાની વાતે માં લાગે રે, મું બોલાઉં એણી વેળા આવે!
ખેરા હાટે પેણવું રે, મું બોલાઉ એણી વેળા આવે!
મારો બાપો ના પારેરે મું બોલાઉ એણી વેળા આવે!
ના પારે સો ના પારે રે મું બોલાઉ એણી વેળા આવે!
(સોખલા ગરાસિયાના પ્રણયગીતો - પૃ.૧૮)

વાસનાને સંતોષવા નવકન્યકા દંભનો આશ્રય લેતી નથી. તે નિખાલસ ભાવે આમંગે છે, પ્રેમની નિખાલસતાના વાસ્તવિક દર્શન પર્વતીય પ્રદેશના વનવાસીમાં થાય છે. શરીરની વાસના શરીર સ્પર્શી જ સંતોષાય છે પછી આડંબર કેવો !

વનબાળાઓને આધુનિક અસર સ્પર્શે છે. ધોતિયા - ખમીસ વાળા ગોઠિયા કરતા ગડીયાલ, હેટ, ચશ્માં, પેન્ટ - શુટવાળો ગોઠિયો વધુ ગમે છે એક બીજી સખીઓ કરતા પોતે ચઢિયાતી ક્યારે બને, જયારે તેની સાથે આધુનિક પહેરવેશથી સજ્જ ગોઠિયો હોય ત્યારે :

" કાળી ટોપી વાળો ગોઠો માઈ હાતી ઝોઈ ઝે !
કેરીયારવાળો ગોઠો માઈ હાતી ઝોઈ ઝે !
સસમાં વાળો ગોઠો માઈ હાતી ઝોઈ ઝે ! "

(સો.ગ. પ્રણયગીતો- પૃ.૧૮)

કેટલો નિખાલસ સ્વીકાર છે ! પ્રેમનો ખુલ્લા દિલનો સ્વીકાર છે. તેના જીવનમાં ગોઠિયાનું સ્થાન હૃદય સમું છે. ગોઠિયાનો જાહેર સ્વીકાર કરવામાં વનબાલાને કોઈની શેહ - શરમ નથી. આ ગીત ગાતાં ગાતાં તે હર્ષિત થઈ જાય છે. તેની વાણીની પ્રબળતા તેના અંતરના ભાવોનું પ્રકટીકરણ કરે છે

મંગલભાવના ગોઠિયાનાં ઘણાં ગીતોમાં પ્રગટ થાય છે. લગ્ન જેવા માંગલિક પ્રસંગ ભીલ યુવકયુવતી માટે તો દુ:ખ લાવનારો પ્રસંગ છે. યુવતી વિચારે છે કે , હું લગ્ન કરીને જઈ રહી છું પરંતુ મારા વિના વેરણ હૃદયી બની ગયેલો ગોઠિયા બીજી ગોઠણ નહીં જોરે તો દુ:ખી થશે માટે તે ઉદાર અને મંગલમયી ભાવના વ્યક્ત કરે છે.

"બીઝી ઝારઝે ; બીઝી ઝારઝે; બીઝી ; ગોઠિયા ઝારઝે; બીઝી ;
માર નોમનીસ ગોઠિયા બીણી ઝારઝે " [૪]

હે ગોઠિયા ! હું તો હવે તારા જીવનથી અલગ થઈને જઈ રહી છું. પરંતુ તું દુખી ન થતો અને બીજી ગોઠણ જોરજે અને મારા નામની કરજે જેથી તે નામની સાથે હમેશા તારા હૃદયમાં જીવતી રહું !

આમ જીવનના નાના ટુકડામાં કરેલો પ્રાણાસવથી અભિમંત્રિત અને હૃદયમાં જ અશ્રુમુખી આ ખંડિત પ્રેમ જીવનની યાદનો કાયમી સ્તૂપ બની જાય છે આ સ્મૃતિઓ સ્ત્રી અને પુરુષ બંને પ્રેમીને પ્રભાવિત કરતી હોવાથી ગોઠીયાનાં ગીતોમાં દામ્પત્ય જીવનના ભાવો ગેરહાજર છે.

## ➢ તારણો-

1. આદિવાસી - વનવાસીઓના ગીત કે નૃત્ય સહિયારા છે.વનપ્રદેશમાં જ પ્રેમ ના બીજ રોપાય છે.અને આ અરણ્યમાં આ બીજમાંથી અંકુર ફૂટી પ્રેમવેલી વિકસે છે.
2. આદિવાસીયોમાં દૈહિક સબંધમાં પ્રથમ સ્પર્શથી પ્રેમીઓના અંતરમાં અદ્દભૂતભાવો સાથે આનંદની હેલીઓ ઉછળે છે.
3. ગોઠિયા - ગોઠણના આ ગીતોમાં પુરુષ કરતાં સ્ત્રી અગ્ર છે.પ્રેમના પ્રગાઢ સંવેદનોનો અનુભવ સ્ત્રીને વિશેષ થાય છે.તે સ્થળ - કાળનું ભાન ભૂલીને પ્રણયના કસુંબલ રંગે રંગાઈ જાય છે.
4. જો આદિવાસીના જીવનમાંથી ગીત અને નૃત્યની બાદબાકી કરીએ તો તેનું જીવન લકવા ગ્રસ્ત, દુઃખી અને યંત્રવત બની જાય છે.ગીત અને નૃત્ય તેમના જીવનનો આત્માનંદ છે.
5. આદિવાસી સોખલા ગરાસીયાના પ્રણયગીતોમાં તમરાના તીણા અવાજ અને ચીબરીના ચિત્કાર વચ્ચે મનમોહક ગીતો તેમના જીવનનો પ્રાણ છે.
6. આ સોખલા ગરાસીયામાં વનબાળો માટે પ્રાદેશિક મેળાઓમાં મુક્ત રીતે વિહરે છે. , નાચે છે , અને ગાય છે.
7. આદિવાસીઓમાં વનપ્રદેશમાં જ પ્રેમનાં બીજ રોપાય છે.અને આ અરણ્યમાં આ બીજમાંથી અંકુર ફૂટી પ્રેમવેલી વિકસે છે.પ્રેમીજનો તેની માદક સુગંધથી એકાકાર બની જાય છે.

## ➢ સંદર્ભ-


દાંતા તાલુકાના સોખલા ગરાસિયાના ગોઠિયા - ગોઠણના પ્રણયગીતો

- વીરચંદ પંચાલ
- પ્રથમ આવૃત્તિ - ૨૦૦૧
- ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગર


## ➢ પાદટીપ-

1. ડો.આનંદ વસાવા - આદિલોક
   (ચંદ્રકાન્ત પટેલ - આદિવાસી ગાનપરંપરા )
   નવેમ્બર - ડિસેમ્બર - ૨૦૧૪ , પૃ.નં.૧૮
   આદીલોક કાર્યાલય - અમદાવાદ
2. ડો.ભગવાનદસ પટેલ - લીલા મોરિયા
   આવૃત્તિ - ૨૦૦૦ , પૃ.૩૭
   પાર્શ્વ પબ્લિકેશન , અમદાવાદ
3. ડો.આનંદ વસાવા - આદીલોક
   (કડાણાનો માઈ પૂનમનો મેળો - ધમીરભાઈ ખાંટ )
   માર્ચ - અપ્રિલ - ૨૦૧૭ , પૃ.૧૦
   આદીલોક કાર્યાલય - અમદાવાદ
4. હર્ષદ ત્રિવેદી - શબ્દસૃષ્ટી
   (ભીલ આદિવાસીઓનાં પ્રસંગગીતો - ગીત કથાઓ )
   -ભગવાનદાસ પટેલ
   ફેબ્રુઆરી - ૨૦૦૯ , પૃ.૫૪
   ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગર